**DATE: 01/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### જંબુસરની કોર્ટે શરતી જામીન આપ્યાં, પોલીસની ધારદાર દલીલ

# ટુંડજ ગામે મહિલાઓની છેડતી કરનારાને 33 ગામમાં પ્રવેશબંધી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકાના ટુંડજ ગામમાં રહેતી મહિલાનો જાહેરમાં હાથ પકડી છેડતી કરનારા આરોપી સામે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. આરોપીની જામીન અરજી સુનાવણી દરમિયાન કોર્ટે તેને કાવી પોલીસ સ્ટેશનની હદમાં આવતાં 33 ગામમાં પ્રવેશબંધી ફરમાવી દીધી છે. ટુંડજ ગામમાં રહેતાં સુરેશ ડાહ્યા વાઘેલા મહિલાઓની છેડતી કરી તેમને અપશબ્દો બોલતો હોવાથી ભયનો માહોલ જોવા મળી રહયો હતો. ગામના ચોતરા પર એક મહિલાની છેડતી થઇ હોવાની જાણ કાવીના પીએસઆઇ વૈશાલી આહિરને થતાં તેમણે આરોપીની ધરપકડ કરી તેની સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જ્યાં પોલીસ અને સરકારી વકીલ તરફે આરોપીના કૃત્યના કારણે મહિલાઓમાં ભય હોવા સહિતની બાબતો ટાંકવામાં આવી હતી. કોર્ટે આ દલીલો ગ્રાહય રાખી આરોપીને શરતી જામીન આપ્યાં છે પણ તેને કાવી પોલીસ સ્ટેશનની હદમાં આવતાં 33 ગામમાં પ્રવેશબંધી ફરમાવી દીધી છે. પીએસઆઇ વૈશાલી આહિરે જણાવ્યું હતું કે, ગામમાં આરોપીનો ત્રાસ હતો અને તેને 33 ગામમાંથી બહાર કાઢવામાં આવતાં મહિલાઓ હવે રાહત અનુભવી રહી છે અને પોલીસની કામગીરીને બિરદાવી છે.

### ભરૂચના બૂટલેગર માટે કામ કરતાં હતા

# ટ્રાવેલ્સમાં દારૂની ખેપ મારતાં બે ખેપિયા પોલીસ સકંજામાં


ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ મુલદ ટોલપ્લાઝા નજીકથી ટ્રાવેલ્સની બસમાં દારૂની ખેપ મારી રહેલાં બે ખેપિયાને ઝડપી પાડયાં છે. તેમની પાસે 51 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તેઓ ભરૂચના બુટલેગર માટે ખેપ મારતાં હોવાની કબુલાત કરતાં બુટલેગરને વોન્ટેડ જાહેર કરાયો છે.

થર્ટી ફર્સ્ટને અનુલક્ષીને ભરૂચ પોલીસે દારૂની હેરાફેરી રોકવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને એક ટ્રાવેલ્સની બસમાં સવાર બે યુવાનો પાસે દારૂ અને બિયરનો જથ્થો હોવાની બાતમી મળી હતી. જેના આધારે મુલદ ટોલપ્લાઝા પાસે કાળા રંગની બસને અટકાવી તલાશી લીધી હતી. જેમાં બે મુસાફરોના સામાનમાંથી દારૂ તથા બિયરનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થો લઈને આવી રહેલાં દિપક વિરાસ અને પુર્વન સોલંકીને ઝડપી પાડયાં હતાં. બંને બુટલેગર નવાબ ઉર્ફે નબ્બે ઈમરાનશા દિવાન માટે કામ કરતો હોવાની વિગતો બહાર આવી છે.

**DATE: 01/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# ભરૂચમાં થર્ટીફર્સ્ટની રાત્રીએ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત




ભરૂચ । નવા વર્ષને આવકારવા અને પૂર્ણ થતા વર્ષને વિદાય આપવા થર્ટીફર્સ્ટની રાત્રે ભરૂચ શહેર જિલ્લામાં અનેક સ્થળોએ ન્યૂયર પાર્ટીનું આયોજન કરાયુ હતું . ત્યારે ઉજવણીની આડમાં લોકો નશો ન કરે અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભરૂચ પોલીસ વિભાગ દ્વારા ઠેર ઠેર બંદોબસ્ત ગોઠવી વાહન ચેકિંગ હાથ ધરાયું હતું. ઉપરાંત બ્રેથએનલાઈઝરથી નશો કરનારાઓને પણ પકડવાની કવાયત હાથ ધરી હતી.

**DATE: 02/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ભરૂચના સિદ્ધિવિનાયક મંદિરમાં ચોરી કરનારો તોસીફ શેખ ઝડપાયો

ભરૂચઃ ભરૂચ શહેર એ ડિવિઝન વિસ્તારમાં મંદિરમાં ચોરીના ગુનાનો ભેદ પોલીસે ઉકેલી નાંખ્યો છે. ગુનામાં સંડોવાયેલા આરોપીને ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે મુંદ્દામાલ સાથે ઝડપી પાડી તેના વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભરૂચ LCB ભરૂચ શહેરમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન જાણવા મળ્યું હતું કે, એક સીસીટીવી ફૂટેજમાં શકમંદ ઈસમ રોયલ ઈન્ફીલ્ડ થન્ડરબર્ડ મોટરસાઈકલ નં.(GJ-16-BH-0824) પાર્ક કરી તેના ઉપર બેઠો છે અને લાલ બજાર ચોક ખાતે હાજર છે. આથી લાલ બજાર ચોકથી આ ઈસમને બાઈક સાથે ઝડપી પાડી ભરૂચ PSI કચેરી ખાતે તેની ઊંડાણપૂર્વકની પૂછપરછ કરતાં આરોપીએ બે દિવસ અગાઉ બપોરે ભાગાકોટમાં આવેલા સિદ્ધિવિનાયકના મંદિરમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ગુનાની હકીકત જણાવતાં તોસીફ ગુલામ મહંમદ શેખ (રહે.,ધોબીવાડ રજા મસ્જિદ પાસે, ભઠિયારવાડ, તા.જી.ભરૂચ) પાસેથી કુલ કિં.રૂ.51500 કબજે કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી ભરૂચ શહેર “એ” ડિવિઝન પો.સ્ટે.ને તેને સોંપવામાં આવ્યો હતો.

**DATE: 02/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### રાજપીપળા ચોકડી ખાતેથી દબોચી લીધો

# અંકલેશ્વરમાં કેબલ ચોરીના ગુનામાં વૉન્ટેડ ઈસમ ઝડપાયો

| અંકલેશ્વર |

અંકલેશ્વર રૂરલ પોલીસ મથકના કેબલ ચોરીના ગુનામાં વોન્ટેડ ઈસમને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો હતો. એલસીબી પીએસઆઈ આર. કે.ટોરાણી ટીમ સાથે અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે અંકલેશ્વર રૂરલ પોલીસ મથક વિસ્તારમાં નંધાયેલ કેબલ ચોરીના ગુનામાં વોન્ટેડ ઈસમ મુકેશ ઉર્ફે બટકો તડવી રાજપીપળા ચોકડી ખાતે હાજર છે.

એલસીબીની ટીમે મળેલ બાતમીના આધારે કેબલ ચોરીના ગુનામાં વોન્ટેડ સદર ઈસમ મુકેશભાઈ ઉર્ફે બટકો રમણભાઈ તડવી રહે. પટેલનગર ઝુપડપટ્ટી રાજપીપળા રોડ અંકલેશ્વરનાને રાજપીપલા ચોકડી ખાતેથી પકડી લઈને વધુ તપાસ માટે અંકલેશ્વર રૂરલ પોલીસને સોંપ્યો હતો

**DATE: 02/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ એલસીબીએ વોચ ગોઠવી હતી

# વીજકંપનીના વાયરો ચોરી જનાર તસ્કર આખરે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે જીઈબી કેબલ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપીને એલસીબીએ રાજપીપળા ચોકડીથી ચોક્કસ માહિતી આધારે ઝડપી પાડ્યો હતો. ભરૂચ એલસીબીની ટીમ અંકલેશ્વરમાં 31 ડિસેમ્બર અનુલક્ષીને પેટ્રોલીંગમાં હતી. જે વેળા બાતમી મળી હતી કે, રૂરલ પોલીસ મથકના જીઈબી કેબલ ચોરીના ગુનામાં ફરાર આરોપી રાજપીપળા ચોકડી ખાતે છે. રાજપીપળા રોડ ઝૂંપડપટ્ટી ખાતે રહેતા મુકેશ તડવીને વોચ ગોઠવીને ઝડપી પાડયો હતો. તેની પૂછપરછ કરતાં તેણે વાયર ચોરીના ગુનાની કબુલાત કરી છે. આરોપી સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ હોવાથી તેને ત્યાંની પોલીસના હવાલે કરાયો છે. વાયર ચોરીના ગુનામાં અન્ય કોઈ આરોપી સંડોવાયેલાં છે કે કેમ તથા ચોરીના વાયરો કોને વેચવામાં આવતાં હોવા સહિતની વિગતો મેળવવા પોલીસે તેના રીમાન્ડની તજવીજ હાથ ધરી છે.

**DATE: 02/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### તમામ મુખ્ય રસ્તાઓ પર બ્રેઇથ એનલાઇઝર સામે ટીમો ઉતારી દેવાઇ હતી

# ભરૂચ જિલ્લામાં થર્ટી ફર્સ્ટની રાત્રીમાં દારૂના 83 કેસ કરાયાં, માત્ર 14 પીધેલાં ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં થર્ટી ફર્સ્ટને લઈને છેલ્લાં 15 દિવસથી પોલીસ વિભાગ દ્વારા સતત પ્રોહિબિશનના કેસ કરવામાં આવી રહ્યાં હતાં. થર્ટી ફર્સ્ટની રાત્રે પણ પોલીસે જિલ્લાના તમામ મુખ્ય રસ્તાઓ પર ખાસ ચેકિંગ હાથ ધર્યું હતું.

31મી ડિસેમ્બરની ડાન્સ, ડ્રીંક એન્ડ ડ્રાઈવ સાથે ઉજવણી કરવામાં નશેબાજો ભરૂચ જિલ્લા પોલીસની ચેતવણી નજર અંદાજ કરી ગયા હતા. 31મી ની સાંજથી જ ભરૂચ, અંકલેશ્વર શહેર સહિત જિલ્લાભરમાં તમામ પોલીસ હાઈવે, બ્રિજ, સર્કલ, ચોકડી અને પોઈન્ટો ઉપર ચેકીંગમાં ગોઠવાઈ ગઈ હતી. ખરાબ ડ્રાઈવિંગ, ડ્રીંક એન્ડ ડ્રાઈવ, અન્ય અસામાજિક પ્રવૃત્તિ



સામે પોલીસની ટીમોએ ઠેર ઠેર ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં રાત સુધીમાં જ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં 83 કેસ કરાયાં હતાં. જે પૈકીના 14 જણા વિરૂદ્ધ પીધેલાઓના કેસ કરાયા હતા. જેઓએ નવા વર્ષની રાત લોકઅપમાં પોલીસના વિશેષ મહેમાન બની ગુજારવાનો વારો આવ્યો હતો.

**DATE: 03/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### નોકરિયાત વર્ગ વાહનો પાર્ક કરી બસમાં જાય છે, ટ્રાફિક પોલીસની કાર્યવાહી

# ઝાડેશ્વર ચોકડી પાસે આડેધડ પાર્ક કરાયેલી 18 બાઈકો ડિટેઈન કરાઈ, લોકો અટવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં આવેલી ઔદ્યોગિક વસાહતોમાં ફરજ બજાવતાં લોકોને લાવવા લઈ જવા માટે કંપનીની બસો હોય છે.જોકે, મોટાભાગના લોકો તેઓના બાઈક પર જે તે ચોકડી પાસેના પિકઅપ સ્ટેન્ડ સુધી આવતાં હોય છે. અને તેમના વાહનો ત્યાં જ ચોકડી પાસે પાર્ક કરી જતાં રહે છે. જેના કારણે માર્ગ પર ટ્રાફિકનો પ્રશ્ન સર્જાય છે. જેના પગલે જિલ્લા ટ્રાફિકની ટીમે મંગળવારે સવારે ઝાડેશ્વર ચોકડી ખાતે આડેધડ પાર્ક કરાયેલી બાઈકો ઉઠાવવાની કામગીરી શરૂ કરી હતી. ટ્રાફિક પોલીસની ટીમે આયશર ટેમ્પો સાથે ઝાડેશ્વર ચોકડી પર ટ્રાફિકને નડતરરૂપ 18 વાહનો ડિટેઈન કર્યાં હતાં. ટ્રાફિક પોલીસ દ્વારા આ પહેલાં રોડ પર પાર્ક કરવામાં આવતી ટ્રક-ડમ્પર તેમજ કંપનીની બસો સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી.ભરૂચમાં આવેલી ઝાડેશ્વર



ચોકડી સહિત નર્મદા ચોકડી, એબીસી ચોકડી, મહુલી ચોકડી, શ્રવણ ચોકડી સહિતના તમામ પિક પોઈન્ટ પર કાર્યવાહી કરાશે. તેમ જિલ્લા ટ્રાફિક પીએસઆઈ મુકેશ તોમરે જણાવ્યું હતું.

**DATE: 03/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

કંપનીના હેઝાર્ડસ વેસ્ટ વોટરનો ગેરકાયદે નિકાલનો કારસો ઝડપાયો હતો

# પાનોલીની બી. આર. એગ્રોટેક કંપનીના જનરલ મેનેજર સહિત 4 સામે ફરિયાદ

## જીપીસીબીની ટીમે લીધેલાં સેમ્પલના રિપોર્ટના આધારે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ એસઓજી પીઆઇ એ. એ. ચૌધરીના માર્ગદર્શનમાં તેમની ટીમે ગત 8મી ડિસેમ્બરના રોજ પાનોલી જીઆઇડીસીમાંથી નિકળલાં એક ટેમ્પોમાં જીવસૃષ્ટીને નુકશાન કારક કેમિકલ વેસ્ટના બેરલ ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યો હતો. જેના પગલે એસઓજીની ટીમે ટેમ્પો ચાલક મોહંદ ઇકરામુદ્દીન સલાઉદ્દીન પઠાણ (રહે. અંસાર માર્કેટ, અંકલેશ્વર)ની પુછપરછ કરતાં પ્રાથમિક તેણે પાનોલી જીઆઇડીસીમાં આવેલી બી આર એગ્રોટેક કંપનીમાંથી બેરલો ભરેલાં હોવાની તેમજ સુરતના કીમ ખાતે રોક્કી નામના એક શખ્સને આપવા જઇ રહ્યો હોવાની કબુલાત કરી હતી.

જેના પગલે પીઆઇ એ. એ. ચૌધરીએ તુરંત જીપીસીબીના અધિકારીનો સંપર્ક સાંધી તેમને બોલાવતાં જીપીસીબીની ટીમે આયશર ટેમ્પોમાંથી કેમિકલ વેસ્ટ ભરેલાં બેલરમાંથી તેમજ બી. આર. એગ્રોટેક કંપનીમાંથી સેમ્પલ લઇને પૃથ્થકરણ માટે મોકલી આપ્યાં હતાં. પોલીસે 8 લાખનો ટેમ્પો તેમજ કેમિકલ વેસ્ટ ભરેલાં 28 બેરલ જપ્ત કરી પાનોલી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યાં હતાં. દરમિયાનમાં જીપીસીબીએ લીધેલાં સેમ્પલમાં હેઝાર્ડસ વેસ્ટ હોવાનું માલુમ પડવા સાથે તે કંપનીના સેમ્પલ સાથે મેળ ખાતો હોવાનું માલુમ પડ્યું હતું. એસઓજીની ટીમે જીપીસીબીએ લીધેલાં સેમ્પલના રિપોર્ટ આધારે તપાસ કરતાં બી. આર. એગ્રોટેક કંપનીના જનરલ મેનેજર (ઓપેરશન) ચંદ્રમોહનસિંગ જયપાલસિંગના કહેવાથી કંપનીના કંપનીના સેફ્ટી ઓફિસર( ઇએચએસ) દિપક કિશોર સોલંકીએ ડ્રાઇવર મોહમદ ઇકરામુદ્દીનને ટેમ્પોમાં કેમિકલ વેસ્ટનો જથ્થો ભરી આપ્યો હતો. જે કિમના રોક્કી નામના શખ્સ સુધી પહોંચાડવાનો હોઇ તેનો મોબાઇલ નંબર પણ આપ્યો હોવાનો ઘટસ્ફોટ થતાં એસઓજીએ ચારેય વિરૂદ્ધ આઇપીસીની તેમજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમો હેઠળ પાનોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે.

### રોક્કીને પકડવા ટીમો લગાવી છે

બી આર એગ્રોટેક કંપનીમાંથી હેઝાર્ડસ્ટ વેસ્ટનો ગેરકાયદે નિકાલ કરવાનો કારસો કેટલાં સમયથી ચાલતો હતો તે ઉપરાંત અન્ય કોઇની સંડોવણી છે કે કેમ તેની પણ તપાસ થશે. કિમના રોક્કી નામના શખ્સની ધરપકડ માટે ટીમો લગાવી છે. તે પકડાય તો અન્ય કઇ કઇ કંપનીઓ સાથે તેનો વ્યવહાર ચાલતો હતો તેની પણ તપાસ કરાશે. »
એ. એ. ચૌધરી, પીઆઇ, એસઓજી.

**DATE: 04/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### પોલીસ મથકના સ્ટાફે બાતમીના આધારે દબોચી લીધો

# અંદાડા પાસેથી રૂા. ૬૫ હજારનો શંકાસ્પદ ભંગાર ભરેલી ગાડી ઝડપાઈ

## રૂા.૩.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલકની અટકાયત કરાઈ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે અંદાડા ગામના વાઘીવાડથી માંડવા તરફ જવાના માર્ગથી શંકાસ્પદ ભંગાર ભરેલ બોલેરો પીકઅપ સાથે ચાલકને ૩.૬૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંદાડા ગામના વાઘીવાડથી માંડવા તરફ જવાના માર્ગ ઉપરથી પીકઅપ બોલેરો ગાડી નંબર-જી.જે.૧૬. એ.વી.૬૯૮૧માં શંકાસ્પદ ભંગાર લઈ એક ઈસમ જનાર છે.જેવી બાતમીના આધારે પોલીસે ગડખોલ પાટિયા પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન અંદાડા ગામે છાપરા પાટિયાથી થોડે આગળ બાતમી વાળી પીકઅપ ગાડી પોલીસને નજરે પડતાં પોલીસે તેને અટકાવી અંદર તપાસ કરતાં તેમાંથી ૧૮૬૦ કિલો લોખંડનો ભંગાર મળી આવ્યો હતો પોલીસે અંદાડા ગામની વૃંદાવન સોસાયટીમાં રહેતો પીકઅપ ગાડીના ચાલક પ્રદીપ જવાહરલાલ ચોરસિયાને ભંગાર અંગે પૂછપરછ કરતાં તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે ૬૫ હજારનો ભંગાર અને ૩ લાખનો ટેમ્પો મળી કુલ રૂા.૩.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલકની અટકાયત કરી છે.

**DATE: 04/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ગેરકાયદેસર વાહન પાર્કિંગ કરનાર-હંકાવનાર સામે પોલીસની કડક કાર્યવાહી

# નેત્રંગ પોલીસનો સપાટો : બે દિવસમાં ૨૮ વાહનો ડિટેઈન

। નેત્રંગ ।

ભરૂચ જીલ્લાના મુખ્ય વેપારી મથક તરીકે નેત્રંગ તાલુકા મથક ગણાય છે. નેત્રંગ ચારરસ્તા ઉપરથી અંબાજી-ઉમરગામ અને અંકલેશ્વર-બુરહાનપુર બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થતાં હોવાથી રાત-દિવસ હજારોની સંખ્યામાં વાહન વ્યવહાર ધમધમે છે. નેત્રંગ ચારરસ્તા ઉપર શાકભાજીની લારીઓ જીવનજરૂરીયાતની ચીજવસ્તુની દુકાન આવેલી છે. આજુબાજુના વિસ્તારના રહીશો બજારમાં ખરીદી માટે આવતા હોય છે. ત્યારે પોતાના વાહનને રસ્તા ઉપર જ પાર્ક કરે છે. તેના કારણે અવરજવર કરતાં વાહનચાલકોને ભારે તકલીફ પડે છે,અને ભારે ટ્રાફિકજામની સમસ્યા ઉદભવતા સ્થાનિક રહીશો બેહાલ બની ગયા હતા. તેવા સંજોગોમાં નેત્રંગ પો.સ્ટેશનના પીએસઆઈ આર.આર ગોહિલ અને પોલીસ કર્મચારીઓ કડક હાથે કાર્યવાહી કરતાં નેત્રંગ ચાર રસ્તા ઉપર ટ્રાફિકને અડચણરૂપ આઈશર ટેમ્પા, ઈકો પેસેન્જર, મોટરસાયકલ, બોલેરો જીપ, પીકઅપ વાહન તથા અન્ય મળીને છેલ્લા બે દિવસમાં ૨૮ વાહનો જમા લઈને આરટીઓ અને કોર્ટમાં દંડ ફટકારવામાં આવતા વાહનચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. પીએસઆઈ આર.આર ગોહિલે સંવાદમાં જણાવ્યું હતું કે, ગેરકાયદેસર વાહન પાર્કિંગ કરનાર-હાંકનાર સામે પોલીસની કડક હાથની કાર્યવાહી રાબેતા મુજબ ચાલુ રહેશે.

ટ્રાફિકને અડચણરૂપ થનાર તમામ પ્રકારની કામગીરી કરવા માટે નેત્રંગ પોલીસ આગામી સમયમાં ટ્રાફિક ઝુંબેસની કામગીરી કરશે.


**URGENT REQUIREMENT**

**AREA SALES MANAGER (For Bharuch / Vadodara District)**

With minimum 1 to 2 years experience in Safety / Industrial products with hard core selling personality in Industries and Dealer market. Own Vehicle is must.

Apply with latest photo, Preference to Immediate Joining.

**FAVOURITE SAFETY PRODUCTS**

C-1/B 2007, GIDC Ind. Estate, Ankleshwar - 393 002.

**Email : favouritesafetyresumes@gmail.com**

**Whatsapp only : 9879500961 / 9099976202**

**DATE: 04/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### વકફ બોર્ડની પરવાનગીનો ખોટો પત્ર બનાવી

# કોસમડી ગામે છેતરપિંડી કરનાર ૩ ટ્રસ્ટી ઝડપાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના કોસમડી ગામની સીમમાં ગુજરાત વકફ બોર્ડની પરવાનગીના હુકમનો ખોટો પત્ર બનાવી ભાડા કરાર કરી છેતરપિંડી કરનાર પાંચ પૈકી ત્રણ આરોપી ટ્રસ્ટીઓને જી. આઈ.ડી.સી.પોલીસે ઝડપી પાડ્યા હતા

બનાવની મળતી માહિતી અનુસાર ઓલપાડના સોંસક ગામના પાદર ફળિયામાં રહેતા પ્રકાશ ભીખુ પટેલ અંકલેશ્વર તાલુકા સેવા સદનમાં આવેલ સબ રજીસ્ટ્રાર કચેરીમાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. તેઓની કચેરીમાં ગત તારીખ-૯-૨-૨૩ના રોજ કોસમડી ગામની સીમમાં આવેલા ખાતા નંબર-૩૭૮ બ્લોક સર્વે નંબર-૮૦૯ વાળી મિલકત અંગેનો ભાડા પટ્ટાનો કરાર લઈને કોસમડી મસ્જિદ મદ્રેસાના ટ્રસ્ટી યાકુબ યુસુફ નાંધલા અને ભાડે લેનાર ધાર્મિક રમેશ ગોધાણી આવ્યા હતા.

આ ત્રણ ટ્રસ્ટીઓ જે મિલકત અંગેનો ભાડા પટ્ટાનો કરાર લઈને આવ્યા હતા તેની ચકાસણી કરવામાં આવી હતી. જે ચકાસણીમાં તેઓએ ગુજરાત વકફ બોર્ડના પરવાનગીનો ખોટો પત્ર રજૂ કર્યો હોવાનું સબ રજીસ્ટ્રાર પ્રકાશ પટેલના ધ્યાન પર આવતા તેઓ ચોંકી ઉઠ્યા હતા.

અને તેઓએ કોસમડી ગામની સીમમાં ગુજરાત વકફ બોર્ડની પરવાનગીના હુકમનો ખોટો પત્ર લઈ આવેલા ટ્રસ્ટી યાકુબ યુસુફ નાંધલા વિરુધ્ધ જી.આઈ.ડી.સી.પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી ત્રણ આરોપીટ્રસ્ટીઓ બશીર ઇસ્માઈલ પટેલ,યુશુફ મોહંમદ નાંધલા સહિત ત્રણને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

### ત્રણને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરાઈ

**DATE: 04/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અભયમની ટીમને મદદ માટે365 દિવસમાં 3,883 જેટલા કોલ મળ્યાં હતાં

# ભરૂચ જિલ્લામાં રોજની સરેરાશ 11 મહિલા શારીરિક અને માનસિક ત્રાસથી પીડિત બની

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં દરરોજ 11 મહિલા શારિરિક અને માનસિક ત્રાસથી પિડિત હોવાનું ચિત્ર ઉપસ્યું છે. મહિલાઓ, યુવતીઓ તથા સગીરાને મદદ કરતી અભયમની ટીમને 2023ના એક વર્ષમાં 3,883 જેટલા કોલ મળ્યાં છે.

ભરૂચ જીલ્લા સહિત રાજયભરમાં અભયમની ટીમ 8 માર્ચ 2015થી કાર્યરત છે.મહિલાઓને ઘરેલું હિંસા સહિત વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલી સમયે તાત્કાલિક ધોરણે બચાવ, સલાહ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. લગ્ન જીવન અને લગ્નેતર સંબંધમાં અસરકારક કાઉન્સિલગ દ્વારા વિવાદ દુર કરી પરિવારમાં સુલેહ શાંતિ વધારવામાં આવે છે. જિલ્લાની



અભયમની ટીમને વર્ષ 2023 દરમિયાન 3,883 જેટલા ફોન આવ્યા હતા. જેમાં ના મહત્વના 1024 જેટલા બનાવો માટે ટીમ રેસ્ક્યુ વાન સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મહિલાનો બચાવ અને તેમને સહાયતા આપવામાં આવી હતી. તેમજ બાકી ના બનાવોને કાઉન્સિલીગ કરી જરૂરિયાત મુજબ સરકારી કે અન્ય એજન્સી સાથે સંકલન કરી મદદ કરવામાં આવી હતી. તેમજ અભયમની ટીમ દ્વારા આત્મ હત્યાના બનાવો બનતા પણ અટકાવવામાં આવ્યા હતા.

**DATE: 04/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પિકઅપમાં ક્રૂરતાપૂર્વક બાંધીને લઇ જવાતા હોવાની બાતમી હતી

# ભરણ ગામે કતલ માટે લઈ જવાતા 11 વાછરડાને પોલીસે મુક્ત કરાવ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી પોલીસ ટીમ મથકે ભરણ ગામ ખાતે એક ટાટા ઝેનોન પીક અપ ગાડી ખાડામાં ઉતરી ગયો છે. અને તેનો ચાલક ઈજાગ્રસ્ત છે તો ગાડી માં પાછળ વાછરડા બાંધેલા છે. જે માહિતી આધારે પાનોલી પોલીસ ભરણ ગામ ખાતે પહોંચતા દીણોદ ગામ તરફ જતા માર્ગ પર પાળીયાવગા પાસે ખાડામાંગાડી ઉતરી ને પલટી મારેલી જોવા મળી હતી. પોલીસે જોતા ગાડી ના પાછળ ખીચોખીચ રીતે ગળા ફાંસોઆપેલા હાલત માં બાંધેલા 11 વાછરડા મળી આવ્યા હતા. જેને પાણી કે ઘાસ ચારા ની પણ કોઈ વ્યવસ્થા ના હતી. ગાડી માં કુલ 2 ગીર ગાય, એક જર્સી ગાય તેમજ 8 વાછરડા મળી આવ્યા હતા. જ્યારેગાડી ચાલક મૂળ સુરત ના ઝંખવાવ ના મુલતાની ફળીયા માં રહેતા અસલમ મુલતાની ને ઈજાગ્રસ્ત હાલતમાંપોલીસ લઈ આવી હતી અને તેની પોલીસ કસ્ટડી હેઠળ સારવાર અર્થે ખસેડાયોહતો. પોલીસેપીકઅપ ગાડી તેમજ ગાય અને વાછરડા મળી 54 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 05/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# નર્મદા કિનારે જુગાર રમતાં 3 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના સી ડિવીઝન પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તેવેળાં ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, મક્તપુર ગામે ચુડેલ માતા મંદિર પાસે નદી કિનારે જાહેરમાં કેટલાંક શખ્સએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં પ્રવિણ ચુનીલાલ માછીપટેલ, હસમુખ રમેશ વસાવા તેમજ દિપક મનહર માછીપટેલને પોલીસે ઝડપી પાડ્યાં હતાં.ટીમે તેમની પાસેથી રોકડા 11 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 05/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**



### રીઢો વાહનચોર 15 થી વધારે ગુનામાં સંડોવાયેલો છે

# અંકલેશ્વરમાંથી 2 વર્ષ પહેલાં ચોરેલી મોપેડ સાથે તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ત્રણ રસ્તા પરથી બે વર્ષ પહેલાં ચોરેલી એકટીવાને બોગસ રજીસ્ટ્રેશનના આધારે ફેરવી રહેલાં વાહનચોરને પોલીસે ઝડપી પાડયો છે. રીઢા વાહનચોરે અત્યાર સુધીમાં 15થી વધારે ગુનામાં સંડોવાયેલો છે.કોસંબાનો રીઢો બાઈક ચોર નઈમ ઉર્ફે સોનુ ઈકબાલ શેખ અંકલેશ્વર ત્રણ રસ્તા સર્કલ પાસે આવેલ શાક માર્કેટ નજીકથી 2 વર્ષ પૂર્વે ચોરી થયેલ એક્ટીવા ઉપર અન્ય એક્ટિવાનો નંબર લગાવી ફરી રહ્યો હતો. આ માહિતી પોલીસ સુધી પહોંચી હતી જેથી એલસીબીએ ભરૂચના જંબુસર બાયપાસ નજીકથી તેને ઝડપી લીધો હતો. તેની પાસે રહેલી એ કટીવાની વિગતો તપાસવામાં આવતાં તે અંકલેશ્વરમાં રજીસ્ટર થયેલી અને 2 વર્ષ પહેલાં ચોરી થઈ હોવાની વિગતો સામે આવી હતી. એલસીબીએ તેને અંકલેશ્વર એ ડિવિઝન પોલીસના હવાલે કર્યો હતો. ઝડપાયેલો આરોપી અત્યાર સુધીમાં વાહનચોરીના 15થી વધારે ગુનામાં સંડોવાયેલો છે.

**DATE: 05/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**



## મુખ્ય માર્ગ પર આડેધડ રીતે પાર્ક કરાયેલાં 28 વાહનો પોલીસે ડીટેઇન પણ કરી લીધાં

# નેત્રંગ ચાર રસ્તા પાસે દબાણો હટાવી માર્ગ ખુલ્લો કરાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ ચાર રસ્તાની ચારેય બાજુના રસ્તાઓ ઉપર વર્ષોથી ખાનગી પેસેન્જર ગાડીના ચાલકોએ અડ્ડો જમાવી દીધો હતો એનાથી એક ડગલું આગળ ચાર રસ્તાની આજુબાજુમાં દુકાનદારોએ તેમના બોર્ડ અને સામાન દુકાનની બહાર રસ્તા ઉપર અડચણરૂપ ખડકી દેતા હતા તેમજ લારી ગલ્લાવાળાઓ રસ્તાની જગ્યામાં જ ઊભી કરી ટ્રાફિકને અવરોધ રૂપ થતા હતા. આ સમસ્યા વર્ષોથી ચાલી આવતી હતી. જેના ઉપર નેત્રંગ પોલીસ સ્ટેશનના પીએસઆઇ અને તેમના સ્ટાફ દ્વારા આ બધા દબાણ અને 28 જેટલા વાહનોને ડીટેઈન કરીને ચાર રસ્તાને વર્ષો બાદ ખુલ્લો કર્યો હતો જેને લઈ ટ્રાફિકની સમસ્યા હળવી થઈ છે.

થોડા દિવસ પહેલા નેત્રંગ ખાતે એસપી મયુર ચાવડાના લોક દરબાર યોજાયો હતો જેમાં ટ્રાફિકની સમસ્યા બાબતે લોકોએ નિરાકરણ લાવવા માટે રજૂઆત કરી હતી જેને લઇ ડીએસપીના હુકમથી નેત્રંગ પોલીસ સ્ટેશનના પીએસઆઇ રાજેન્દ્રસિંહ ગોહિલ અને તેના સ્ટાફ દ્વારા નેત્રંગ ચાર રસ્તા ઉપર ટ્રાફિકને અડચણરૂપ આઈશર વાહન -1, ઈકો પેસેન્જર , ખાનગી વાહન ,બોલેરો જીપ મળી કુલ 17 વાહનો ,પીકઅપ -6, ટુ વ્હીલર -3 અને રિક્ષા -1 મળી કુલ 28 વાહનો જમા લઈને આરટીઓ તેમજ કોર્ટમાં દંડ ભરાવામાં આવેલ હતો. આની સાથે બીજુ રસ્તા ઉપરનું દબાણ કરતા ગેરેજ, હાર્ડવેરની દુકાન અન્ય ચીજવસ્તુઓ વેચાણ કરતા વેપારીઓનો સર સામાન દૂર કરવામાં આવેલ તેમજ અન્ય નડતરરૂપ લારીઓ હટાવી દબાણ દૂર કરવામાં આવેલ હતું. મકરસંક્રાંતિના તહેવાર અનુસંધાને દોરી માંઝા વાળાના ચરખા પણ દૂર કરવામાં આવ્યા હતા. આ ટ્રાફિક ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે તેમ પોલીસે કહ્યું હતું અને તમામ વાહન ચાલકોએ વાહનો વ્યવસ્થિત પાર્ક કરવા કહયું છે.

**DATE: 06/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરથી સગીરાને ભગાડી જનાર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વર્ષ 2023માં કોસમડી ગામ ખાતે રહેતો અને મૂળ યુ.પી નો 18 વર્ષીય જયશંકર ત્રિપાશંકર પ્રસાદ સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન આરોપી સગીરા સાથે કાપોદ્રા રોડ પર દિનેશ મિલ પાસે હોવાની ચોક્કસ માહિતી મળી હતી જેના આધારે વોચ ગોઠવી બંનેને ઝડપી લેવાયાં હતાં. આરોપીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 06/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### નવા દિવા ગામે પોલીસની રેઇડ બાદથી ફરાર હતો

# અંકલેશ્વરમાં દારૂના 7 ગુનામાં સંડોવાયેલો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા ના નવા દિવાગામ ખાતે શામજી ફળીયામાં દારૂનોવેપલો ચલાવતાં કુખ્યાત બુટલેગર કિશન વસાવાને આખરે પોલીસે ઝડપી પાડી પાડ્યો હતો. ગત 24 ડિસેમ્બર ના રોજ નવી દીવી ગામના પટેલ ફળીયામાં પાણીની ટાંકી ખાતે દારૂ સાથે રામુ વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી પાસેથી 144 બોટલ મળી આવી હતી. ઝડપાયેલાં આરોપીએ તેના ભાઈએ તેને દારૂ વેચવા માટે આપ્યો હોવાની કબૂલાત કરતાં કિશન વસાવા સામે પણ ગુનો નોંધી વોન્ટેડ જાહેર કરાયો હતો. ફરાર આરોપીને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયો છે. આરોપી સામે 2023 માં 7 થી વધુ વખત પ્રોહિબિશનના ગુના નોંધવામાં સાથે અનેક ગુનામાં વોન્ટેડ હતો. પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ આદરી છે.

**DATE: 06/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# હરિપુરા ગામની છાત્રાઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



**અંકલેશ્વર ।** હરિપુરા પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓ માટે વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન શાળા શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. જેના ભાગ રૂપે ન્યાય વ્યવસ્થા ની જાણકારી આપવાના ઉદ્દેશ્ય સાથે સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકની મુલાકાત લીધી હતી.પી.આઈ. સીસોદીયા દ્વારા બાળકોને પી.એસ.ઓ , કેદી બેરેક, સહીત પોલીસ મથકના વિવિધ વિભાગની જાણકારી આપી હતી. જે બાદ કોર્ટ સંકુલ ખાતે ન્યાય પ્રણાલી અંગે જાણકારી આપવામાં આવી હતી અને અંતે સબ જેલ ખાતે સજા બાદ કેદીને ક્યાં રાખવામાં આવે છે. તે અંગે માહિતી મેળવી હતી.

**DATE: 07/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ અપાયો

# દિલ્હી સીએમ કેજરીવાલની આજે નેત્રંગ ખાતે મહા સભા

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય તેમજ વનકર્મીઓ વચ્ચે બબાલ થતાં તેમના વિરૂદ્ધમાં દેડિયાપાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. લાંબા સમય સુધી ફરાર રહ્યાં બાદ તેઓએ જાતે જ પોલીસ સમક્ષ હાજર થઈ ગયાં હતાં. ધારાસભ્ય ચૈતર વસાવા હાલમાં જ્યારે જેલમાં છે ત્યારે ચૈતર વસાવાના સમર્થનમાં આમ આદમી પાર્ટી મેદાનમાં ઉતરી છે. જેના ભાગરૂપે રવિવારે બપોરે નેત્રંગ ખાતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્ય મંત્રી ભગવંત માનની હાજરીમાં ચૈતર વસાવાના સમર્થનમાં વિશાળ રેલી યોજવામાં આવશે. જે બાદમાં વિશાળ જનસભામાં ફરેવાશે. ત્યારે સભાને લઈને તૈયારીઓને આખરી ઓપ અપાઈ ગયો છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ક એસપી,પાંચ ડીવાયએસપી,20 પી.આઈ તેમજ 33 પી.એસ.આઈ અને 568 પોલીસ જવાનો,214 ગ્રામ રક્ષક દળના જવાનો મળી કુલ 841 પોલીસ જવાનોનો બંદોબસ્ત ખડકી દેવાયો છે.

**DATE: 07/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# શુક્લતીર્થ ગામેથી બે ટ્રકો ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર ચોકડીથી શુક્લતીર્થ રોડ પર રેતી ભરેલી ટ્રકોથી અકસ્માતો સર્જાવાના બનાવો બનતાં રહે છે. દરમિયાનમાં નબીપુર પોલીસે શુક્લતીર્થ ગામે ચેકિંગ હાથ ધર્યું હતું. રેતીના વહન માટે 6 વ્હિલથી વધારે વ્હિલ ધરાવતાં વાહનોના· ઉપયોગ પર પ્રતિબંધ હોવા છતાં 16 વ્હિલ ધરાવતી બે હાઈવા ટ્રક રેતીની હેરાફેરી કરતી ઝડપાઈ હતી. જેના પગલે પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 07/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ગુટખાની હેરાફેરી કરતી ટ્રકનું કારથી પાયલોટીંગ, કુલ 18.29 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો


# મહારાષ્ટ્ર લઈ જવાતા 6.24 લાખના ગુટખાના જથ્થા સાથે ગોધરાના બે અંકલેશ્વરમાં ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના મોતાલી પાટિયા પાસેથી પોલીસે એક ટ્રક તેમજ તેનું પાયલોટિંગ કરતી એક કાર ઝડપી પાડી હતી. ટીમે તપાસ કરતાં ટ્રકમાંથી આધાર પુરવા વિનાનો ગુટખાનો કુલ 6.24 લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે 6.24 લાખનો ગુટખા, ટ્રક, કાર સહિત કુલ 18.29 લાખનો મુદ્દામાલ 41(1) ડી હેઠળ જપ્ત કર્યો હતો. ઝડપાયેલાં બન્ને આરોપીઓ ગોધરાના હોવાનું તેમજ બન્નેનો ગુનાઈત ઈતિહાસ હોઈ ગુટખાની હેરાફેરીનું કે પછી ગેરકાયદે બનાવવાનું આખું રેકેટ હોવાની આશંકા વચ્ચે પોલીસે તપાસ શરૂ કરી છે.

અંકલેશ્વર બી ડીવીઝન સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન એક ટ્રકમાં આધાર પુરાવા વગરની ગુટખાની હેરાફેરી થઈ રહી છે. જે ટ્રકનું અન્ય એક શખ્સ કારમાં પાયલોટિંગ કરી રહ્યો હોવાની ચોક્કસ બાતમી ટીમને મળી હતી. જેના પગલે ટીમે નેશનલ હાઈવે પર વોચ ગોઠવી મોતાલી પાટીયા પાસેથી ટ્રક તેમજ પાયલોટીંગ કાર રોકી હતી. પ્રાથમિક પુછપરછમાં કાર ચાલકનું નામ સાજીદ ઈલ્યાસ એહમદ ભમેરી હોવાનું તેમજ ટ્રક ડ્રાઈવરનું નામ ઈદ્રીશ ઉર્ફે ભુરીયો સિદ્દીક અબ્દુલ હક ટપલા હોવાનું અને બન્ને ગોધરાના રહેવાસી હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે ટ્રકની તલાસી લેતાં તેમાંથી આધાર પુરાવા વગરના ગુટખાના કુલ 6.24 લાખની મત્તાના 1.56 લાખ નંગ પાઉચ મળી આવ્યાં હતાં. પોલીસે ગુટખાનો જથ્થો 10 લાખની ટ્રક અને 2 લાખની કાર તેમજ બે મોબાઈલ મળીને કુલ રૂ.18.29 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગોધરા ના ટ્રક ચાલક ઈદ્રીશ સિદ્દીક અબ્દુલ હક ટપલા ની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, ઝડપાયેલો ગુટખાનો જથ્થો ક્યાંથી લાવ્યાં તે અંગે હજી સુધી બન્ને શખ્સોએ કોઈ ચોક્કસ ખુલાસો કર્યો નથી. ત્યાં આરોપીઓ દ્વારા ડુપ્લિકેટ ગુટખાની હેરાફેરી થઈ રહી હતી કે કેમ તે સહિતની વિવિધ વિગતો મેળવવાની કવાયત પોલીસે હાથ ધરી છે.



## બન્ને આરોપીઓનો ગુનાઈત ઈતિહાસ

ઝડપાયેલા બે ઈસમો પૈકી સાજીદ ભમેરી વિરુદ્ધ ગોધરા બી ડિવિઝન પોલીસ મથકે છેલ્લા 3 વર્ષમાં 5 થી વધુ ગુના નોંધ્યા છે જ્યારે ઈદ્રીશ ટપલા સામે પણ મહેસાણા, સાબરકાંઠા અને ગોધરા પોલીસ મથકે 4 જેટલા ગુના દાખલ થયા છે. બને ઈસમો બિન અધિકૃત માલની હેરાફેરીમાં કુખ્યાત હોવાનું સામે આવી રહ્યું છે.

## ગુટખાનો જથ્થો મહારાષ્ટ્ર લઈ જવાતો હોવાની આશંકા

મહારાષ્ટ્રમાં ગુટખા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ત્યારે કેટલાંક ભેજાબાજો ગેરકાયદે રીતે ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં ગુટખાની હેરાફેરી કરતાં હોવાના કિસ્સા ભુતકાળમાં બન્યા છે. ત્યારે હાલમાં ઝડપાયેલો જથ્થો પણ મહારાષ્ટ્રમાં લઈ જવાનો હોવાની આશંકાઓ છે. બન્નેની પુછપરછ ચાલી રહી છે. » વી. કે. ભુતિયા, પીઆઈ, અંક્લેશ્વર બી ડિવિઝન પોલીસ.

## ગેરકાયદે કારખાનું બનાવ્યુ કે કેમ તેની પણ તપાસ

પોલીસે હાલમાં મામલામાં 41 (1)ડીની કલમ હેઠળ મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, તેઓ પાસે ઝડપાયેલાં ગુટખાના જથ્થાના કોઈ દસ્તાવેજ મળ્યાં ન હતાં. ત્યારે તેઓ પાસેનો જથ્થો ઓરિજનલ છે કે ડુપ્લિકેટ તેની પોલીસ તપાસ કરી રહી છે. ઉપરાંત તેઓએ ગુટખા બનાવવાનું કોઈ કારખાનું બનાવ્યું છે કે કેમ તેની પણ તપાસ હાથ ધરી છે.